રામાનુ પ્રાયનમ

...થ સમારંભ

...મુન મધ્યમાપ્

...ચાર્યં પર્યંતાં।

...સ્પરંપરામ્

...મ ઔપ

...નિયાં અને

...મ રક્ષા.

રસીક રામ રમાનું સંગીતમાં ગાન

ચંદ્રકાંત ધામરક્ષાની ગુજરાતી પ્રિં. પ્રેસ અમદાવાદમાં છાપી.

છપાવી પ્રસિદ્ધ કરનાર શ્રી ... પ્રિં. ... ૧૯૭૭. ...

...દાસનું લિંબડીયું

મુ.—આંબરડી.

જીલ્લો કાઠીયાવાડ.

ઠે.—શ્રી મહાલક્ષ્મીજીના

મંદીરમાં પુજારી

મેઘજી લાલજી.

श्रीमते रामानुजायनमः

लक्ष्मीनाथ समारंभां ॥
नाथ यामुन मध्यमाम्
अस्मदाचार्य पर्यंतां।
वंदे गुरुपरंपराम्.

પ્રથમ પ્રાત
પ્રભાતિયાં અને
રામ રક્ષા.

સંસ્કૃત રામરક્ષાની ગુજરાતી (ટીકા) ઉપરથી ભજનમાં ગોઠવી

શ્રીરામ રક્ષાનું સંગીતમાં ગાન

બધી છપાવનાર શ્રી વૈષ્ણવ (મિત્ર) મેઘજી લાલજી. શ્રીજીનો દાસ.

દાસનું સિનાંમું
મુ.—**માંગરોળ.**
જીલ્લો કાઠીયાવાડ.
ઠે.—શ્રી મહાલક્ષ્મીજીના
મંદીરમાં પુજારિ
મેઘજી લાલજી.

ઉપ[illegible] પત્રીકા

પરમ પુજ્ય દીન દયાળુ મહાત્મા
શ્રીયુત અનંતપ્રસાદજી આનંદ
પ્રદાતા પ્રત્યે પ્રાર્થના.

(રાગ-ત્રોટક છંદ)

ગણુશું ઉપકાર અનંત તણા, દઇને આનંદ ન રાખી મણા;
કરૂણા.જબરી જણુવી જગમાં, પેસાડી દીધાં પ્રભુની વગમાં.
પ્રભુના પાર્ષદ પ્રત્યક્ષ થયા, કરી દીનજનોપર પૂર્ણ દયા;
મહામુઢનેશુઃવિજ્ઞાનદીધું, મુજપાપીનું પીખડું હાથ લીધું;
તે તારશે તત્પર સ્નેહ ધરી, ફરવા નહિં દે ભવ માંહે ફરિ
પરવા પછી અન્યની શીદ કરૂં, હરિને હરિનાંજનને હું સ્મરૂં
ભગવંત અનંત દયા કરશો, નીજ મેઘજીને નહિં વિસરશો.
શ્રી હરિ ગુરૂ સંત અનંત નમું, શ્રી અનંતપ્રસાદપદે પ્રણમું

લી. આપનો અકીંચનદાસ

મેઘજી.

આનંદના આ[illegible] ગ્રાહકોને
વંદન [illegible]

રણછોડરાય રત્ન માળા મગાવો;
બીજા ગ્રાહકોને ગુણાદિ જગાવો;
પહેલો એકસો આઠ છે હાર સાથે;
રચાવિ દિધાં દેવ દ્વારિકાં નાથે;— ૧

નથી મુલ્ય મોંઘુ ફક્ત ચાર આના;
તે પણ વળિ ધર્મમાં છે જવાના;
બીજાં પુસ્તકો તેથી આવાં છપાશે;
એક પંથને કાજ દો એમ થાશે;— ૨

અંકની પ્રતો સર્વ જલ્દી મગાવો;
ખપી જતે જશે તો પછી જશે લ્હાવો;
મળે મેઘજી પાસ આવે મગાવ્યે;
લખો પત્ર તો તુર્ત તે મોકલાવે;— ૩

દોહરો.

સીનામું શુધ અક્ષરે લખજો વ્હાલા ભ્રાત;
જેથી લખતાં મુજને થાય નહિં પંચાત;

✻ અર્પણ પત્રિકા. ✻

સ્વામીજી શ્રી (૧૦૮) શ્રીયુત
રઘુનાથાચાર્યજી.
શ્રી ખરારિપુર મધ્યે
શ્રીમત્
વેંકટનાથના ખાસ હજુરીને
હોંશથી વંદન સાથ
વિનંતી.

(દોહરો.)

અલ્પ મતીથી આપને, અર્પું આ લઘુ ગ્રંથ;
મેઘજીપર કર ધારીને, ચડાવશો શુભ પથ.

(દીન દાસ મેઘજીના દંડવત પ્રણામ)

॥ શ્રીમતે રામાનુજાય નમઃ ॥

(આરંભ અષ્ટક) (શ્રીગુરૂ પરંપરા)

(રાગ-વંસતાતિલકા વૃત.)

હરિઃ ૐ:) અસ્મદ્ ગુરૂશ્રી રઘુનાથ સ્વામી
ચરણેં નમામી; અસ્મદ પરમગુરૂશ્રી ગોપાલ
સ્વામી ચરણકમલેં નમામી;

અસ્મદ સર્વગુરૂપાપદ પંકજમાં નમું છું.
શ્રીમાન રામાનુજ સ્વામી ચરણને શર્ણ હું છું. ૧
શ્રીમત પરાંકુશ સ્વામી ચરણે નમામી,
શ્રીમદ્ યામુન મુની પદપંકજમાં નમામી;
શ્રીરામમીશ્ર સ્વામી ચરણે નમામી,
શ્રીમત પૂંડરિકાક્ષ પાદાર્વિંદે નમું છું. ૨
શ્રીમન્નાથ મુનીશ ચરણે નમામી,
શ્રીમત શઠકોપસ્વામી ચર્ણાર્વિંદે નમામી;
શ્રીમત વિશ્વકસેન ચરણકમળે નમું છું,
શ્રીમહાલક્ષ્મીજી ચરણકમલને શર્ણ હું છું. ૩
શ્રીમન્નારાયણ ચર્ણાર્વિંદે નમામી,

અકીંચનો નન્ય ગતિ તવ પદ સ્મરામી:
ન જ્ઞાન ભક્તિ વૈરાગ્ય વિવેક લેશે,
કેશવ કૃપાવિણુ મમ દીવસ વળે શે. ૪
શ્રીવર તવ પાદ કૃપા કરજોડી યાચું,
અહિ તૃણ દંત શરણ થઈ કહું છું સાચું;
હે યતિશ, શ્રી, શ્રીશ, કરૂણા કરીને,
મુજ મુઢ પ્રાણીપર કૃ[illegible] [illegible]રોને. ૫
તવ સહાયવિણ કાંઇ થશે ન સ્વામી,
જશે ન મુજ બલથી કોઇ ખામી;
અલ્પજ્ઞ અપુર્ણ અકીંચન હું પાપી પ્રાણી,
હે યતિશ, શ્રી, શ્રીશ, શરણ છું દયાળુ જાણી. ૬
દીનના દયાથી દોષ દીલે ન ધારો,
માતા પીતા ગુરૂ મળીને મુજને સુધારો;
અસંખ્ય ભવથી ભવાટવીમાં ભમું છું,
હે યતિશ, શ્રી, શ્રીશ, અસંખ્ય કષ્ટો ખમું છું. ૭
અહિ બાવડી બાપ હવે બચાવી લેજો,
હરિ ફરિને ભવે નહિં જન્મ દેજો;

જે સંપુર્ણ શ્રેય હોય તવ મતે શ્રીસ્વામી.
તેવું કૃપાથી કરજો હાર મારિ ખામી. ૮

લી. આપનો અલ્પજ્ઞ અકીંચનદાસ.
મેઘજી લાલજી.

સીતારામ.* સીતારામ. *સીતારામ.

(શ્રી રામરક્ષાનું સંગીતમાં ગાન.)

મંગળાચરણ–રાગ–ભુજંગી છંદ.

નમું સદ્‌ગુરૂ શેષ શ્રી રામ સ્વામી;
ધરૂં ધ્યાન શ્રીરામનું મોદ પામી;
રૂદે રામ રક્ષા તણું સ્તોત્ર ધારૂં,
કરૂં ગાન ગૌરિશને પુર્ણ પ્યારૂં;

(હરિરસ લાગ્યો મુને સરવથી મીઠોરે–એ ઢબ.)

ગાવા રામ રક્ષાની અપેક્ષા ઉરે રાખીરે;
કૌશીકને સ્વપ્ને સદાશીવે મુખે ભાખીરે.–ગાવા૦
ઉપાસમે ઉઠીને રૂષીએ લખી લાધીરે;
તેની કથણી છે કવિતામાં અહિં કીધીરે.–ગાવા૦

મુખ્ય મુનિ વિશ્વામિત્ર આસ્તોઅના ગાનારે;
દેવ સીતારામચંદ્રજી છે સુખદાતારે. — ગાવા૦
અનુષ્ટુપ છંદને શક્તિ છે શ્રી સીતાજીરે;
કપીરાજ કીલ્લક રામ ગાતાં થાય રાજીરે.—ગાવા૦
(અથ—ધ્યાન.) (છકેલ છેલ શ્લોકનો—એ ઢબ.)

(રાગ—નારાચછંદ)

અજાન બાહુવાન અવધ નાથને ઉરે સ્મરૂં;
ધનુષ્ય બાણ હાથ ધ્યાન બધ્ધ આસને કરૂં.
પીળિ પીતાંબરિ સહિત કમલનેત્ર છાજતાં;
વદન્ન છે પ્રસન્ન વામમાં સીતા બીરાજતાં.
અનેક અલંકાર શુચિ શ્યામ અંગને નમું;
જટારૂપી મુકુટ મહાન ધ્યાન ધરિ વીરમું.

(ગીતિ)

શ્રીરામચંદ્ર ચરિત્ર સોક્રોડ વિસ્તાર વાળું જે છે;
એક એક અક્ષરનો મહા પાપને નાશ કરે છે તે.

(સાખી)

નીલ કમળથી સુંદરશ્યામ શ્રીરામ તણી મુરતિ દીસે;

આજુબાજુ સીતા શેષ શીર જટા મુકુટ શોભે અતિશે
કર તલવાર સહિત ભાથાને ધનુષ બાણને ધરનારા;
કાળરૂપ રાક્ષસ કેરાને જગત તણા બાળવનારા;
જન્મ મરણ જેને નથી એવા લીલા કરવા પ્રગટ થતા.
સમર્થ તે શ્રી સીતારામને સંભાવિત સર્વે સદા;
ધરો ધ્યાન શ્રીરામ બ્રહ્મીનું શ્રીરામરક્ષા શ્રવણ કરો;
પાઠ કરો પ્રેમે નેમથી તો ભવસાગર સહજ તરો.

(લક્ષ્મીનારાયણ મારાં માનેબાપ હરિ હું

તમને કેમ ભુલુંરે—એ ઢબ.)

રઘુ કુળે પ્રગટેલા રઘુરામ સુરામ મારે શીર કરોરે;
દશરથ કેરા પુત્ર સુખધામ લલ્લાટનું રક્ષણ કરોરે,
કૌશલ્યાના કુમાર શીરતાજ નયનનું રક્ષણ કરોરે;
વિશ્વામિત્રના વહાલા કર્ણહાર કર્ણનું રક્ષણ કરોરે,
યજ્ઞનારાયણ યજ્ઞ રક્ષનાર નાસીકાનું રક્ષણ કરોરે,
સુમિત્રા પુત્રના પ્યારા સરદાર તુજ મુખનું રક્ષણ કરોરે
વહાલા વિષુવેદ વિદ્યાના ભંડાર જટ જીભનું રક્ષણ કરોરે
ભાવે ભરતે કરેલા નમસ્કાર મારા કંઠનું રક્ષણ કરોરે;

દેવ દીવ્ય આયુધોને ધરનાર મારા ખભાનું રક્ષણ કરોરે
મહાશીવનું ધનુષ ભાંગનાર મારિ ભુજાનું રક્ષણ કરોરે,
સીતાપતિરામ ચંદ્રરઘુનાથ મારા હાથનું રક્ષણ કરોરે;
પર્શુરામને પહોંચનાર રામ હ્રદયનું રક્ષણ કરોરે;
ખરદૈત્યને ખપાડનાર રામ મારા મધ્યનું રક્ષણ કરોરે;
જાંબુવાનના આશ્રય રૂપ રામ મારિનાભિનું રક્ષણ કરોરે
સુગ્રીવના નાથ રામ સુખદાય મારિ કેડનું રક્ષણ કરોરે;
હનુમાનજીના પ્રભુ રઘુરાય મારિશક્તિનું રક્ષણ કરોરે,
રઘુકુળ મણિ દૈત્ય દળનાર મારિ જાંગનું રક્ષણ કરોરે;
સીંધુપર રામ સેતુ બાંધનાર ગોઠણોનું રક્ષણ કરોરે;
રાવણને રણમાંહે કાપનાર મારિ જંઘાનું રક્ષણ કરોરે:
વિભિષણને સંપતિ આપનાર મારા પગનું રક્ષણ કરોરે
સીતારામચંદ્ર નમું હે શ્રીરંગ આખા અંગનું રક્ષણ કરોરે
રોમે રોમ રહે સદાય ઉમંગ સત,સંગનું રક્ષણ કરોરે;

(પામર પ્રભુરસશું પીયે- એ ઢબ.)

રામચંદ્રના રામ નામથી જેને રક્ષા થઇ હોય;
પૃથ્વી પાતાળ કે આકાશમરિ, તેને દુખેન કોઇ. રામ૦

ઙકઙ૩

રામરામભદ્ર રામચંદ્ર એ કરે સ્મરણ જે જન,
કરે સ્મરણ જે જન;
મુક્તિ ભુક્તિ તેને મળેરે થાય પાપો પતન્ન,
રામચંદ્રના રામ નામથી;

જગત જીતનાર રામ મંત્રથી,
થયું સ્તોત્ર રક્ષિત; થયું સ્તોત્ર રક્ષિત.
તેનો કરે પાઠ પ્રેમથી રે,
સિદ્ધિ સર્વે ત્યાં નિત્ય. રામચંદ્રના રામ નામથી.

વજ્ર પીંજર રામકવચને,
સ્નેહે સંભારે કોય; સ્નેહે સંભારે કોય.
કિર્તિ કલ્યાણરૂપ મેળવેરે,
અવિચ્છિન્ન ગ્લાનિ હોય. રામચંદ્રના રામ નામથી.

સદાશિવે સ્વપ્ને મુનિરાયને,
કહ્યું સ્નેહે આ સ્તોત્ર; કહ્યું સ્નેહે આ સ્તોત્ર.
લખ્યું પ્રીતથી પ્રાતઃમાં રે,
જેનું કૌશિક છે ગોત્ર; રામચંદ્રના રામ નામથી.

(હરિગીત છંદ)

કોટિ અપેક્ષા રામરક્ષા સ્તોત્ર સ્તવને જાય છે,
વેગે વિપતિયો દુર થઇ આનંદ સદા પમાય છે;
એવા અખિલના નાથ સુરિના સાથ સીતા રામ છે,
સંસારથી તે તારનાર સદા પ્રભુ સુખધામ છે.

(ગીતી.)

યુવા અવસ્થાવાળા,
સૌંદર્યરૂપ સુકુમાર શરિર દીસે;
કમળનયન બહુ બળિયા,
કૃષ્ણાજીન કટિ પર શોભે અતિશે.
ફળ મુળ ભક્ષણુ કરતા,
જીતેંદ્રિય તપ ધારિ બ્રહ્મચારી;
દશરથ પુત્રો પ્યારા,
શ્રી રામ લક્ષ્મણુ સહુને ઉપકારી.
એક પ્રતિજ્ઞા વાળા,
શરણાગતવત્સલ છે મહાભારી;
સર્વ જીવો ને શરણું,

જવા યોગ્ય છે ધણી ધનુર્ધારી.
ચાપ ધારિમાં ચડતા,
હણતા રાક્ષસ મુકી મહાન શરો;
તે રઘુવંશ મણી હે,
શ્રી રામ લક્ષ્મણ રક્ષણ મારૂં કરો;

(સાખી.)

સજ્જ કરેલું ધનુષ ચડાવિ બાણુ સ્પર્શે છે કરનારા,
જેમાં બાણ ખુટે નહિ એવા ભાથાઓને ધરનારા;
શ્રી રામ લક્ષ્મણ રક્ષણ કરવા સદૈવ સાથે રહેજો.
માફ કરિ મુજ દોષ દયાળુ મહત મને એ દેજો,
કવચ ખડગને ચાપ બાણુ ધરનાર નમ્ર ને યુવાન;
મનોરથ મારા રક્ષો લક્ષ્મણ રામરંગમી શ્રીમાન;

(ચોપાઈ.)

દશરથ રાજાના પુત્ર શુરવીર,
જેની સેવા કરે લક્ષ્મણ ધીર;
બળિયા કાકુસ્થ કુળમાં જન્મેલ;
સર્વ કામનાઓથી ભરેલ.

કૌશલ્યાના પુત્ર અભિરામ,
રઘુકુળમાં ઉત્તમ હે શ્રીરામ;
વેદાંતથી જણાય જે એવા
યજ્ઞોના ઇશ્વર દેવ દેવા;
પુરાણપુરૂષોમાં મહાન,
વૈદેહીવલ્લભ હે શ્રીમાન;
જેનું પ્રાક્રમ જાણ્યું ન જાય,
નમું નટવર શ્રી રઘુરાય;
એ પ્રમાણે એટલાં નામ,
મારા ભક્ત ભજે જે નિષ્કામ;
વાંચે અથવા પાઠ કરે કોય,
અશ્વમખથી વધુ ફળ હોય.

(હરિગીત છંદ.)

શ્રીરામચંદ્ર નરેંદ્ર સ્વામી સુરેંદ્રનું જે સ્તવન કરે;
વેગે તે વૈકુંઠવાસ પામી જન્મ મૃત્યુથી તરે;
શ્રીરામ સુખના ધામ લક્ષ્મણજીના મોટા ભાયછે;
રઘુકુળ મણી સીતા ધણી સુંદર શુચિશુભ કાય છે;

કાકુત્સ્થકુળમાં પ્રગટ કરૂણા વાન ગુણભંડાર છે;
બ્રાહ્મણો જેને પ્રીય ધર્મ ધુરંધર અવતાર છે;
સહુ ભુપતિના અધિપતિ સાચી પ્રતિજ્ઞાવાંન છે;
દેવદશરથ પુત્ર શ્યામ સ્વરૂપ શ્રી ભગવાંન છે;
શાન્ત કરૂણા કાન્ત એ આનંદ દાતા લોકના;
રઘુકુળ ભુષણ અસુર દુષણ રિપુરાક્ષસ થોકના;
રઘુકુળમાં જન્મેલ જગપતિ જાનકી જીવન નમું;
શ્રીરામ સુખના ધામ શ્રીઅભિરામને શરણે રમું.

(સાખી.)

રઘુકુળના નાથ સીતાવર જગસ્વામી હે શ્રીરામ,
રામચંદ્રને રામભદ્ર એવાં છે જેના શુભ નામ;
વિભુવિધાતારૂપ ત્રીલોકિભુપ પતિને પાય નમું,
રઘુનંદન ભયભંજન રિપુગંજન ગુણનિધી પદેવિરમું.

(અભંગ.)

રઘુવંશમાં પ્રગટ થયેલા શ્રીરામ શ્રીરામ શ્રીરામરામ,
રણસંગ્રામે કઠણ થયેલા શ્રીરામ શ્રીરામ શ્રીરામરામ;
હેલક્ષ્મીને રમાડનારા શ્રીરામ શ્રીરામ શ્રીરામરામ,

અમને આપો ચરણ શરણ હરે શ્રીરામ શ્રીરામ શ્રીરામરામ

શ્રીરામચંદ્રજીના ચરણમાં મનવડીયે હું ધ્યાઉં છું,
શ્રીરામચંદ્રજીના ચરણને વાણી વડીયેં ગાઉં છું;
શ્રીરામ ચંદ્રજીના ચરણમાં મસ્તક નામી નિત્ય નમું,
શ્રીરામચંદ્રજીના ચરણમાં શર્ણ થઇને હું વિરમું.
મારિ માતા શ્રી રામચંદ્ર મારા પીતા શ્રીરામ છે;
મારા સ્વામી શ્રીરામચંદ્ર મારા મીત્ર શ્રીરામ છે.

(લક્ષ્મીનારાયણ મારાં માને બાપ હરિ હું
તમને કેમ ભુલું રે—એ રાગ.)

મારૂં સર્વ સ્વ દયાળુ છે શ્રી રામ,
બીજાં કોઇને હું ન જાણું રે;
મારાં માતા પીતા સ્વામી મીત્ર રામ,
બીજાં કોઇને હું ન જાણુંરે.
જેની દક્ષીણ દીશે લક્ષ્મણ ભ્રાત.
બીજાં કોઇને હું ન જાણું રે;
જેની ડાબી બાજુ સીતા મુજ માત,
બીજાં કોઇને હું ન જાણુંરે;

જેની આગળ આપે શ્રી હનુમાન,
બીજા કોઇને હું ન જાણું રે.
રઘુકુળના કુમાર શ્રીમાન,
બીજા કોઇને હું ન જાણુંરે;
ધરૂં શ્રી રામચંદ્રજી પર પ્યાર,
બીજા કોઇને હું ન જાણું રે.
સ્નેહેં કરૂં નાથજીને નમસ્કાર,
બીજા કોઇને હું ન જાણું રે.

(સાખી.)

આરતીકને આનંદ દેનારા, રણ સંગ્રામે ધીરજ વાન;
કમળ કટાક્ષ રઘુવંશના નાથ દયામુરતી શ્રીમાન
કરૂણાથી ભગવાન ભરેલા શ્રીરામને હું શર્ણ છઉં;
મનના જેવા વેગવાન વાયુથી વધતી ગતી કહું.
જીતેંદ્રિયને બુદ્ધિમાન પુરૂષોમાં વખાણવા યોગ્ય;
વાયુ પુત્રને વાનર યુથ પતિમાંહે જે છે મુખ્ય.
એવા શ્રી રામદુત કપી અદ્‌ભુત તણે હું શર્ણ છઉં;
મુનિ વાલ્મીકિ કોકીલ કરૂણા રાન કૃપાના નિધી કહું.

કવિતા રૂપી શાખા ઉપર બેશી મીઠાશ ઉપજાવે;
એવી રીતે શ્રીરામ શ્રીરામ મધુર અક્ષરોથી ગાવે.
એવા મહર્ષિ મુની વાલ્મીકીને નેહેથી નમન કરૂં;
આ પતિઓને ઓલવનારા રામચંદ્રનું ધ્યાન ધરૂં.
આશ્રીતોને સર્વસંપતી આનંદે આપે સઘળું;
એવા સીતારામ ચંદ્રને વાર વારહું નમન કરૂં;

(ગીતી.)

રામ નામનો મંત્ર; ભવ બીજને છે,
ભુંજનાર ભારી;
સુખરૂપ સંપતીયોનેં,
શુદ્ધ કરે જમજાય જલ્દી હારી;
(આવારૂડાશ્રી વૈકુંઠનાથ નયનથી નીરખી-
શકયારે; એ–રાગ.)

રાજાઓમાં મણીરૂપ રામનીરંતર જયને પામે,
લક્ષ્મીજીના પતિ હે શ્રીરામ ભજુ તરૂં ભવતુજ નામે;
(સાખીઃ) રામ લક્ષમણે રણ્રાવશેં ગોળ્યું
રાક્ષસ કુળ; એવા અવધપતિ પદે;

નમું ઇશ બનો અનુકુળ,
નીરંતર જયને પામે; ... રાજાઓમાં૦
(સા૦) શ્રીરામચંદ્રવિના બીજું,
કોઇ ન કાપે પાશ, તે માટે તજી સર્વને;
આવ્યો શરણે કરો રામદાસ,
નીરંતર જયને પામે. ... રાજાઓમાં૦
(સા૦) શ્રીરામચંદ્રજી જાળવી ઝટકરજો
ઉદ્ધાર, મરણ જનમથી મેલજી;
હારિ કહે કરૂણાથી તું તાર્ય,
નીરંતર જયને પામે. ... રાજાઓમાં૦

(મનહર છંદ૦)

વારંવાર શ્રીરામ નામજપતો મનોહર,
શ્રીરામચંદ્ર વિશે રમું એમ કહે છે હર:
હે પાર્વતિ એક રામનામને બીજાં હજાર,
એ બે બરાબર સર્વ તત્વનો છે એજ સાર;
ઇતિશ્રી બુધકૌશીક કૃત રામ રક્ષાસ્તોત્ર,
સંપુર્ણ થયું મુળ કેહેનારછે કૌશીકગોત્ર;

(શાર્દુલ ક્રીડીત.)

જેને માનવ દેવદાનવ બધા સેવે સદા પ્રેમથી,
પામે પામર ધામનામ ભજતાં નિત્યે નમુનેમથી;
છે આરામ વિરામ ઠામ જગમાં વિશ્રામનું ધામએ,
નક્કી કામ તમામ પુન્ય કરે શ્રીરામનું નામ તે.

જયજય રઘુવિર સમર્થ.

શ્રીરામ શ્રીરામ શ્રીરામશ્રીરામ શ્રીરામ શ્રીરામ શ્રીરામ

(સમાપ્ત સસેક) (શ્લોકઃ વસંતતિલકા વૃતઃ)

—રામનામધુનિ.—

શ્રીઅવધ વિહારી જય રામ રામ,
શ્રી ધનુર્ધારિ જય રામ રામ;
મુક્તિ પ્રદાતા શ્રી રામ સ્વામી,
શ્રી રામચંદ્ર ચર્ણાર્વિંદે નમામી. ૧
ભવસીંધુ ત્રાતા શ્રી રામ રામ,
શ્રુતિથિ સ્તવાતા શ્રી રામ રામ;
અકીંચનો નન્ય ગતિ શ્રી રામ સ્વામી,
શ્રી રામચંદ્ર ચર્ણાર્વિંદે નમામી. ૨

અતિ પતિતપાવન શ્રી રામ રામ,
શુદ્ધ ચિત્ત ભાવન શ્રી રામ રામ;
અસુર કુળટાળક શ્રી રામ સ્વામી,
શ્રી રામચંદ્ર ચર્ણાવિંદે નમામી. ૩
ગૌ-વિપ્ર પાળક શ્રી રામ રામ,
વિપત્તિ ટાળક શ્રી રામ રામ;
નિજભક્ત પ્રતિપાળ શ્રી રામ સ્વામી,
શ્રી રામચંદ્ર ચર્ણાવિંદે નમામી. ૪
સતસુખદાયક શ્રી રામ રામ,
સત્સંગ રહાયક શ્રી રામ રામ;
આનંદદાતા શ્રી રામ સ્વામી,
શ્રી રામચંદ્ર ચર્ણાવિંદે નમામી. ૫
એક, શર, વચન, પત્ની, શ્રી રામ રામ,
શરણુ રક્ષણુ વ્રતયત્ની શ્રી રામ રામ;
દીનબંધુ દાતા શ્રી રામ સ્વામી,
શ્રી રામચંદ્ર ચર્ણાવિંદે નમામી. ૬
શ્રી રામ મારી છો મેઘજીને,

ભવ ભય વિદારો દોષો તજીને;
માગું સદા સ્હાય શ્રી રામ સ્વામી,
શ્રી રામચંદ્ર ચર્ણારવિંદે નમામી. ૭
જય જય રઘુવિર સમર્થ,
જે વાંચો તેને નમ્ર શેવક મેઘજી લાલજીના જૈ શ્રીહરિ.

શ્રીરામ.

પ્રભાતના પહોરમાં પ્રભુને પ્રાર્થના કરવા લાયક પ્રપન્ન પ્રીય પ્રભાતિયું.

(મંગળા ચરણ) પ્રભાતિ (૧) પહેલ.)
(રામગ્રી. રાગ. પહોરે પોપટ રાજારામના. એ ઢબ.)

નમું સદ્ગુરૂ શ્રીચર્ણકમલમાં, સેવું સંત અનંત;
ભણું પ્રભાતી ભાવથી ભક્તિ દે જો ભગવંત.—ટેક.
કાવ્ય કળાની શક્તિ નથી; નથી પાંડીત્ય પુરૂં;
કાલું ઘેલુ બોલી અને ગુરૂ ચર્ણોમાં ઝુરૂં.—નમું૦ ૧
ગુરૂગોવીંદ દયા રાખજો; કરજો પોતાનો પ્યારો;
મનથી માલીક મુજને રાખો નહિ નાથ ન્યારો.—નમું.

મેઘજીને તજના જજો લેજો સાથે શ્રીરામ;
અવિચળ પદે આપજો વિજુમુજને વિરામ;—નમું૦

(રાગરામગ્રી. ઉપર મુજબ. પ્રભાતિ (૨) બીજી.)

મારા મનના નીવાસી નારાયણા;
કરૂણા કી કરપર લાવો;
દીનજાણી દયા આણજો,
નથી મારો કોઇ દાવો;
મારા મનનીવાસીનારાયણા. ટેક.

અધમ ઉધારણ આપ છો; હું છું અદ્ધમ પ્રાણી;
પતિત પાવન પુરૂષોત્તમા; તારો પતીત જાણી.—મારા.૧
શરણ પડયો શક્તિ હીણકું; ક્ષીણ મતિથઇ મારી;
તી જુવો તો ઘોર છે સર્વે વાતે લાચારી. —મારા.૨
બીરદ જોઇને બચાવ્ય તો બચવા આશાઉર આણ;
નહિ તો મારે માટ છે અઠ્યાવિશ નર્ક ખાણ્યું.—મારા.૩
મેઘજીપર મયા આણીને માફ કરો મહાદોષો,
બીરદ જોજે તારૂં બાપલા મારિકરણી નજોશો.—મારા.૪

(રામગ્રી. ઉપર મુજબ. પ્રભાતિ (૩) ત્રીજી.)

ધન્ય મનોહર મંગળા, અમંગળ આજ ટાળ્યાં,

અકથ અનુભવ આપીને પ્રભુપદમન વાળ્યાં.
ધન્ય મનોહર મંગળા. ટેક.
મંગળામન મહારૂં કર્યું અમંગળ હર્યું હેતે,
અનહદ ઉપકારો કર્યાં વર્ણી કોણ કહેતે.—ધન્ય૦૧
મંગળામય મહા ગોમતિ મંગળ શ્રી પતિશોભે;
મંગળ દ્વારામતી અતી જોતાં જનનાં મનલોભે —ધ૦૨
મંગળ સમયમાં મેઘજી સજ્જન સે । સજે છે,
ભગવત ગુણ ગણ ભાંખીને ભકનો ભાવે ભજે છે.—ધ૦૩
(રામગ્રી. ઉપરમુજબ પ્રભાતિ (૪) ચોથી.)
ધન્યદેવ દ્વારીકાં પતી દીઠ દીવ્ય આદેહે;
ગોમતિ સંગમ ન્હાયને નીરખ્યા નાથને સ્નેહે.
ધન્યદેવ દ્વારીકાં પતી. ટેક.
અંગ અનેક અલૌકિક, કોઇ ઉપમા ન લાગે;
તેને જોતાં જીવનાં ભ્રમ તમ,તાપ ભાગે.-ધન્યદેવ૦ ૧
અનહદ આનંદ ઊભરે, મુખેવરણ્યો નજાગે;
અકથ અનુભવ એમનો મન તલ્લીન થાયે -ધન્ય૦૨
જનમ મરણ રણછોડજી છોડે જોતાં જરૂર,
મેઘજીનો માલીક ગદાધરિ રહુનો હજુર.-ધન્યદેવ૦૩

(રામગ્રી ઉપર મુજબ, પ્રભાતિ (૫) પાંચમી.)

મારા સાચા સંગાથી છો શ્રીપતી, તારો સંગાત સાચો,
બીજા સંગાથી બે ઘડી અંતે કાયાનો કાચો.
મારા સાચા. ટેક.

હરિ શરણ છું હું આ સમે સાહિ ચરણ તમારા;
સ્વામી મુજને સ્વીકાર જે દોષો જોશો ન મારા.
મારા સાચા. ૧

જ્ઞાન બન્યું રાખો શ્રીપતી, સંગે છો તમે તેવું;
ધ્યાન છુટે નહી. એ કે ક્ષણ્યુ કરો કરૂણાથી એવું.
મારા સાચા. ૨

ઘણી ગણી મેઘો વીનવે, વ્હારે ચડજો મુરારી;
દેહ તજ્યા ટાણે દયા કરી શુદ્ધ લેજો હો મારી.
મારા સાચા. ૩

(રામગ્રી ઉપરમુજબ. પ્રભાતિ (૬) છઠ્ઠી.)

અમનેતારોતમેશ્રીઅવધપતી, અધોગતિથઈઅમારી;
અનેક અંગે આથડયા વામ્યાં નહિ ભવવારી;
અમને તારો. ટેક.

મોંઘો મનુષ્યા દેહ તે, પામ્યાં તારી કૃપાયે;

તો પણ વિષયના વેગમાં અમે જાયે તણાયે.
અમને તારો. ૧

નિર્બળ દીન બની યાચુ છું, જોર ચાલે ન મારૂં;
તારવું તારે સેહેલું છે ભવ સીંધુનો તારૂ.
અમને તારો. ૨

પ્રભુ નામે પત્થર પાણીમાં તાર્યાં અનેક ત્રેતામાં;
કરજોડી મેઘો કરગરે, તારો મુજને કલીમાં;
અમને તારો. ૩

(રામગ્રી. ઉપર મુજબ. પ્રભાતિ (૭) સાતમી.)

મારા સાચા સ્નેહી છો શ્રી નાથજી,હાથ હવે ન છોડો,
સાથ સદા રાખી અને, ભવ બંધન તોડો;
મારા સાચા૦ ટેક.

અસંખ્ય ભવથી હું ભમ્યો તોયે આવ્યો ન છેડો;
માનવતન તમેં આપ્યું.તો માયા ફાંસી પણ ફેડો.
મારા સાચા૦ ૨

મમત મુકી પડયો મેઘજી ચરણ કમલ માંહે કોડે
આશા ઉર છે શ્રી નાથની ગ્રહ્યો હાથ ન છોડે.
મારા સાચા૦ ૩

(રામગ્રી. પ્રભાતિ–દાસીભાવ.) (૮) આઠમી.

અમને અખંડ એવા તણુ સાંપડયાં, પડ્યાં ઠીક ઠેકાણે;
અમર ધણી મુજને મળ્યો જગજન તેન જાણે.
અમને ટેક.

કદી મરે નહીં શ્રીહરી, તે છે મુજ પર સ્વામી;
એને ઉરપર મેં ધર્યો ગ્રહીએની ગુલામી.
અમને ૧

સદા સૌભાગ્યવંત અમે થયાં, સાચા સંતોને સેવી;
અભાગણી હું અસ્ત્રી નથી છઉં દેવોની દેવી.
અમને. ૨.

અંત આવ્યા ધણીનાં આવશે, થાશે કૃતાર્થ કાયા;
જગજન જેવાં નહીં થઇએ મરવા ટાણે રધાવાયાં;
અમને૦ ૩

શ્રીવર ભજે જે મેઘજી, તેતો જમને એ જીતે;
અવર ઉપાસે જે જનો અંતે ચડે તે પ્રીતે,
અમને૦ ૪

(રામગ્રી પ્રભાતી (૯) નૌમી દાસીભાવ.)

મારો અમર ચુડો અને ચાંડલો, હું તો હરિનીછુંદાસી

જુઠાંજનસાંમુ જોઉં નહીં પરાપણીનીછું આસી

મારો અમર ચુડો અને ચાંદલો—ટેક.

ધણીધર્ણીધર ધારણ કર્યો, શીરપર સારંગ પાણી;

અજશીવ જેનીસ્તુતી કરે છું તો તેની કેવાણી;

મારો અ૦ ૧

ઉરે અવીનાશી વરયા, ખસ્યાં અંધારા ન્યારાં;

અંતર મારૂં ઉઘડયું લાગ્યાં પ્રભુજન પ્યારાં.

મારો અ૦ ૨

હરિભજનથી મેઘજી, માયાનો મોહ ત્યાગ્યો;

જગતથી હું અલગ થઇ મોહમોહનમાં લાગ્યો.

મારો અ૦ ૩

(પ્રભાતી (૧૦) દસમી—પ્રભાતના પહોરમાં દીઠા

ડોરમાં એ રાગ.)

દ્વારકાં નાથ શ્રીરાયરણછોડજી,

શરણ જાણો મારિ બુહ લેઇને. ટેક.

શામળ. શ્રીપતી ભક્તિ દેજો અતિ,

મોહમમતા પરિ કરી દેજો. ૧

વિષયની વાસના સર્વ સંહારિને,

શ્રીહરિ મને સ્વીકારિ લેજો;
શરણુ જાણી જનમ મરણથી છોડિને,
નિત્ય વિભુતિમાં નાથ ભેજો. ૨
દાસને દીલ હરિચરણની આશ છે,

દરશની તરશ છે દીલે ભારી;
દેવના દેવનો દીવ્ય શેવક કરૂં,
એવિ વૃતિ હરિ કરો મ્હારી. ૩

દાસને વાસ પદ પાંસ દેજો સદા,
સર્વદાસેવ સુખરાવિ લેજો;
મેઘજી મુઢ ને ગુઢ દઈ ગ્નાનને,
નિત્યના સ્થાનમાં નાથ ભેજો. ૪

(પ્રભાતી (૧૧) અગ્યારમી—રાગ—ઉપર મુજબ)

દ્વારકાંનાથ હરિ હાથ મુને કરો,
પ્રેમ ભક્તિ ભરો પુર્ણ પ્યારા;
પુર્ણ પ્રીતી ભરિ દાસ નિજનો કરિ,
નયનથી નાથ નવ રહો ન્યારા: ૧
અવિચળ સેવ સોંપો હરિ આપની;
પાપ પરિતાપ સ્વપ્ને ન આવે;
દાસને દીલ વસો નાથ ક્ષણુ નવ ખસો;

કરી એવું પ્રભુ પુર્ણ ભાવે; ૨
ધ્યાન ગુણ ગાનમાં કરી ગુલતાન,
સંસારનું ભાંન સ્વપ્ને ન દેજો;
અવીચળ વિમળ ચિત રહે એવું કરિ;
હરિ હર્દંમ તારૂં સ્મરણ રેજો; ૩
તજીને તુજને નાથ નિમેશ પણ,
મેઘજી કાંઇ માગેન બીજું;
આશ છે ઉર્વિશે પુર્ણ કરજો હરિ,
નાથને નિર્ખિ ને નિત્ય રિઝું; ૪

પ્રભાતિ (૧૨) બારમી રાગ ઉપર મુજબ.

શ્રીમન્નારાયણ શરણ થૈ વિનવું,
મરણ સમયે મારી શુદ્ધ લેજો;
આપ ઉર પ્રગટ થઇ સર્વ તમ ટાળિ દઇ,
હાથ ગ્રહિ સાથ સ્વીકારિ લેજો, ૧
બનું તલ્લીન હું તાત તવ રૂપમાં,
પ્રીત ભય ભાન બીજું ન થાજો;
દીન જાણી દીલે દયા આણી અને,

નાથ નારાયણુ હાથ રહાજો. ૨

અર્ચિરાદી શુચિ શુષુમ્ણા નાડિથી,
જીવ ઝટ બ્રહ્માદિ જગજુપ લેજો;
સ્નાન વિર્જા વિશે કરાવી વરાવી,
ચણુમાં વાસ વૈકુંઠ દેજો. ૩

દીવ્ય અંગે સદા સંગ રાખી શુચિ,
સેવ શ્રી દેવ શીખવાડી દેજો;
ભુલું હું નાથ તો હાથ ઝાલી ખરૂં,
શ્રેય શ્રીનાથજી સદા કહેજો. ૪

આશ ઉર્નિ અવિનાશિ કહિ આપને,
બાપજી શ્રેય સાચું સુઝાડો;
મેઘજીને મરણુ સમય સંભાળિને,
સ્થીર ઠેકાણે શ્રીનાથ પાડો. ૫

(પ્રભાતિ (૧૩) તેરમી. રાગ ઉપર મુજબ.)

બાજી દાદાજી તુજ હાથ હું સોંપીને,
નાથ નિશ્ચિત છું ફીકર તારે;
અંત તું ભાગવતો કરિને હરિ,
કેમ નીજ બાળને નહિ ઉગારે. ૧

ચાહે તો સંતને અંત ભેગો અને,
ચાહેતો આપ ઉર્માં પ્રકાશો.
ગમે તે કરિ ગોવિંદ પાદારવિંદનો,
કરશો મુને દાસ ખાસ્સો. ૨

નંદના નંદમાં સદા સુખકંદમાં,
દીવ્ય આનંદમાં દાસ જાશે;
અતિ ઉમંગથી સુરિ સંગે સદા,
હરિની હોંશથી સેર થાશે. ૩

કદી કંકીત વૈકુંઠ થાશે નહિ,
નિત્ય વૈભવ વિશે નિત્ય રેહેશું.
પાપ પરિતાપ તમ ટળિ જાશે બધાં;
જુખ ભય દુઃખ સ્વપ્ને ન સેહેશું ૪

નાથ નારાયણ શરણ પારાયણ,
એમ કહિ શ્રુતિ વેદ વખાણે:
તેથી આશા અવિનાશીની ધરિને,
શરણ થઇ મેઘજી મોજ માણે. ૫

॥ શ્રી હરિઃશર્ણં ॥

અમદાવાદ-શ્રી સત્યવિજય પ્રીન્ટીંગ પ્રેસમાં
શા. સાંકળચંદ હરીલાલે છાપ્યું.

આવૃત્તિ ૧ લી. કિંમત ૦-૧-૦ સને ૧૯૧૩